# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૧ તા.૨૩-૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વસ્તી ગણતરી-૨૦૨૧ના પ્રથમ અને બીજા તબક્કામાં નિમણૂંક કરવાના થતા ગણતરીદારની કામગીરી માટે નામ મોકલી આપવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, માન. નિયામકશ્રી વસ્તી ગણતરી દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓ મુજબ આગામી સને ૨૦૨૧ની પ્રથમ તબક્કાની ઘરયાદી તથા એન.પી.આર. અપડેટ કરવાની કામગીરી એપ્રિલ-૨૦૨૦ થી શરૂ કરવાની થાય છે. જે અનુસંધાને બ્લોકવાઈઝ ગણતરીદાર/સુપરવાઈઝરની નિમણૂંક કરવાની થાય છે. તો શાળાના મુખ્ય શિક્ષક સહિત તમામ શિક્ષકો/કર્મચારીઓની પગારબીલ ઉપરથી માહિતી તા.૨૪-૦૧-૨૦૨૦ ના રોજ ૨-૦૦ કલાક સુધીમાં જે-તે ઝોન ઓફિસે એકસેલ શીટમાં અંગ્રેજી(એરીયલ ફોન્ટ)માં સોફટ કોપી અને હાર્ડ કોપી મોકલી આપવાની રહેશે. ઝોન કક્ષાએથી મદદનીશ શાસનાધિકારીશ્રીએ તા.૨૪-૦૧-૨૦૨૦ના રોજ ૪-૦૦ કલાક સુધીમાં સ્કૂલ બોર્ડ પર ઈ-મેઈલ કરવાનો રહેશે.

| No | Name and Address of Employees | Designation | Name And Address of School | Mobile Number | E-mail ID | Date of retirement | Remarks |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

તા.૨૩-૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૧-A તા.૨૩-૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- એસએમસી. તાલીમ-૨૦૨૦ અન્વયે ટેલીકોન્ફરન્સના આયોજન બાબત.
સંદર્ભ :- એસએસએ/કોમ્યુ.મોબી/૨૦૨૦/૩૯૪૫-૪૦૪૧ તા.૨૦-૦૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો માટે રાજય કક્ષાએથી ટેલીકોન્ફરન્સનું આયોજન તા.૭-૦૨-૨૦૨૦ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ કલાક સુધી કરવામાં આવેલ છે. તો તે માટે શાળાકક્ષાએ તમામ વ્યવસ્થા કરવાની રહેશે. આ ટેલીકોન્ફરન્સ દરમ્યાન એસએમસી સભ્યોને શાળાની તમામ પ્રવૃત્તિઓ અને સ્કૂલ એકશન પ્લાનની ચર્ચા કરવાની રહેશે. આ માટે શાળાની એસએમસી.ના ખાતામાં શાળાદીઠ રૂ.૩૦૦૦/- અને ટેલીકોન્ફરન્સના દિવસે તાલીમ ખર્ચ પેટે પ્રત્યેક સભ્ય દીઠ રૂ.૪૦/-નો ખર્ચ કરવાનો રહેશે. જેની ગ્રાન્ટ શાળાના એસએમસી.ના ખાતામાં ફાળવવામાં આવશે. તાલીમ પૂર્ણ થયા બાદ બિડાણ સંદર્ભિત પત્ર મુજબ દર્શાવેલ પત્રક મુજબની માહિતી સી.આર.સી.કો.ઓર્ડિનેટરને તા.૦૮-૦૨-૨૦૨૦ના રોજ મોકલી આપવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૨૩-૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/કોમ્યુ. મોબી./૨૦૨૦/ ૩૯૪૫-૪૦૪૯ તા.૨૦ /૨ /૨૦૨૦

પ્રતિ
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લાઃતમામ.
(૨) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.
જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ, જિ. તમામ.
(૩) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગરપાલિકા : તમામ

**વિષયઃ SMC, SMDC તાલીમ-૨૦૨૦ અન્વયે Teleconference ના આયોજન બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શાળા વ્યસ્થાપ ન સમિતિના સભ્યો માટે રાજય કક્ષાએથી Teleconference નું આયોજન તાઃ૦૭/૦૨/૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ કલાક સુધી કરવામાં આવેલ છે.

Teleconference ના દિવસે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાએ તમામ SMC તથા SMDC ના સભ્યો પ્રથમ એક કલાક (બપોરે ૧૨:૦૦ થી ૦૧:૦૦ કલાક) સુધી SMC (અગાઉ આપેલ બુકલેટનો ઉપયોગ કરવો) તથા SMDC ના કાર્યો, ફરજો વિશે ચર્ચા કરે.

- વચ્ચેના એક કલાકમાં ૦૧:૦૦ થી ૦૨:૦૦ કલાક સુધીમાં નીચેના મુદ્દાઓ પર રાજય કક્ષાના અધિકારીઓશ્રી ધ્વારા SMC તથા SMDC બાબતે નીચેના મુદ્દાઓ પર ચર્ચા તથા માર્ગદર્શન આપવામાં આવશે.
- કૈવલ્ય ફાઉન્ડેશનના સભ્યો ધ્વારા શાળાના બાળકોના પોષણના મુદ્દા ઉપર ૧૫ મીનીટનો રોલ પ્લે
- આણંદ જિલ્લાની હાડગુડ SMC ના સભ્યો ધ્વારા શાળામાં સ્વચ્છતા,બાળકોની નિયમિતતાના મુદ્દા પર મીટીંગ તથા રોલ પ્લે
- SMC માં એકમ કસોટી વિશે ચર્ચા
- SMC, SDP વિશે માર્ગદર્શન

છેલ્લા એક કલાકમાં (૦૨:૦૦ થી ૦૩:૦૦ કલાક) સુધીના સમયગાળા દરમ્યાન શાળા કક્ષાએ SMC તથા SMDC ના તમામ સભ્યોએ મીટીંગનું આયોજન કરી નીચેની બાબતે ચર્ચા કરવાની રહેશે.

- શાળામાં મધ્યાહન ભોજન યોજનામાં કેટલા બાળકો ભાગ લે છે તેની ચકાસણી કરવી.
- વાલીઓને પોષણયુકત ખોરાક વિશે માહિતી આપવી.
- શાળા વિકાસ યોજના (SDP) ના ફોર્મ વિશે સમજ તથા તેની ચર્ચા.

- સોશિયલ ઓડિટ અંગે ચર્ચા.
- SMDC ના સભ્યો ધ્વારા ધો.૯ ના બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્યરત છે કે કેમ તેની ચકાસણી કરવી.
- ધો.૮ પછી ધો.૯ માં બાળકો પ્રવેશ મેળવે તેની ખાસ ચકાસણી કરવી.
- બાળકોની નિયમિતતા વિશે ચર્ચા.
- SMC સભ્યો ધ્વારા દિવ્યાંગ બાળકોને મળતા વિશિષ્ટ લાભ તેઓ સુધી પહોંચે છે કેમ તેની ચકાસણી કરવી.
- શાળામાં નાવીન્યપૂર્ણ પ્રયોગોની ચર્ચા.

આથી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં Teleconference નું પ્રસારણ જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવા તથા SMC તથા SMDC ના તમામ સભ્યોને હાજર રાખવા માટેની જિલ્લા કક્ષાએથી ખાસ તકેદારી રાખવી આ ઉપરાંત તાલીમના દિવસે જિલ્લા/તાલુકા અને કલસ્ટરના પ્રોજેક્ટ કર્મચારી મોનીટરીંગના ભાગરૂપે તાલીમમાં હાજરી આપે તે માટેનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

સદર તાલીમમાં શાળા કક્ષાએ પ્રતિ સભ્ય દીઠ રૂ.૪૦/-લેખે (ચા-કોફી તથા નાસ્તાના ખર્ચ પેટે) ખર્ચ કરવાનો રહેશે તથા સદર ગ્રાન્ટ અત્રેની કચેરી ધ્વારા SMC તથા SMDC ના ખાતામાં ફાળવવામાં આવશે. Teleconference પૂર્ણ થયે હાજર રહેલ સભ્યોની સંખ્યા નીચે પ્રમાણેના પત્રક મુજબ દિન-૨ માં મોકલી આપવાની રહેશે.

| Dist. Name | Present Members | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | BRC | CRC | Principal | Project staff | SMC Members | | | Others | Total |
| | | | | | Female | Male | Total | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

## સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર

## કોમ્યુનિટી મોબીલાઈઝેશન શાખા

## તાઃ૦૭/૦૨/૨૦૨૦ શુક્રવાર SMC ટેલીકોન્ફરન્સ કાર્યક્રમની રૂપરેખા

## સમયઃ૧૨:00 થી 03:00

| ક્રમ | સમય | નામ/હોદ્દો | વિષય |
|---|---|---|---|
| ૧ | ૧૨:00 થી ૦૧:00 (૧ કલાક) | SMC કક્ષાએ તમામ સભ્યો | SMC મીટીંગમાં સભ્યોની ફરજો વિશે ચર્ચા |
| ૨ | ૦૧:00 થી ૦૧:૦૧ (૦૧ મીનીટ) | સુશ્રી ગીતા મકવાણા<br>આસિ.ઓફિસર ઈન્ચાર્જ કોમ્યુનિટી મોબીલાઈઝેશન | કાર્યક્રમની શરૂઆત |
| 3 | ૦૧:૦૨ થી ૦૧:૧૫ (૧૪ મીનીટ) | કૈવલ્ય ફાઉન્ડેશનના સભ્યો | પોષણ વિશે રોલ પ્લે |
| ૪ | ૦૧:૧૬ થી ૦૧:૨૦ (૦૫ મીનીટ) | સુશ્રી દર્શના સુથાર -<br>ઓફિસર ઈન્ચાર્જ ગર્લ્સ એજયુકેશન એન્ડ કોમ્યુનિટી મોબીલાઈઝેશન | SMC રચના, સોશિયલ ઓડિટ, SDP તથા કન્યા શિક્ષણની ચર્ચા |
| ૫ | ૦૧:૨૧ થી ૦૧:૨૫(૦૫ મીનીટ ) | આણંદ જિલ્લાની હાડગુડ પ્રા.શા.ના સભ્ય સચિવ | SMC માં કરેલ ઈનોવેશન અને સ્વચ્છતા વિશે વકતવ્ય |
| ૬ | ૦૧:૨૬ થી ૦૧:૪૦(૧૫ મીનીટ ) | આણંદ જિલ્લાની હાડગુડ પ્રા.શા.ના SMC સભ્યો | SMC મીટીંગમાં એકમ કસોટી તથા નિયમિતતા વિશે ચર્ચા-રોલ પ્લે |
| ૭ | ૦૧:૪૧ થી ૦૧:૪૪(૦૪ મીનીટ ) | શ્રી પ્રકાશ ત્રિવેદી- સચિવશ્રી | SMC બાબતે માર્ગદર્શન |
| ૮ | ૦૧:૪૫ થી ૦૧:૪૮(૦૪ મીનીટ ) | સુશ્રી જયશ્રી દેવાગંન<br>એડી.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી | SMC બાબતે માર્ગદર્શન |
| ૯ | ૦૧:૪૯ થી ૦૧:૫૮(૧૦ મીનીટ ) | શ્રીમતી પી.ભારતી<br>સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી | SMC બાબતે માર્ગદર્શન |
| ૧૦ | ૦૧:૫૯ થી ૦૨:00(૦૧ મીનીટ ) | સુશ્રી ગીતા મકવાણા<br>આસિ.ઓફિસર ઈન્ચાર્જ કોમ્યુનિટી મોબીલાઈઝેશન | સમાપન |
| ૧૧ | ૦૨:00 થી 03:00 (૧ કલાક) | SMC કક્ષાએ તમામ સભ્યો | SMC સભ્યોમાં સાહિત્ય વાંચન-ચર્ચા |